**પરિપત્ર:**

**વિષય: GCAS અંતર્ગત શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ પ્રવેશ પ્રક્રિયા ઓફલાઈન કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થા/કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તથા અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ GCAS પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા કાર્યરત છે. અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગની, માન.કુલપતિશ્રીની તા:૦૬/૦૭/૨૦૨૪ની ઓનલાઈન થયેલ બેઠક અન્વયે **જે-તે કોલેજ/સંસ્થામાં મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જગ્યા જો કોઈ બેઠક ખાલી રહેતી હોય તો** વિદ્યાર્થીઓ પાસેથી રૂ.300 રજિસ્ટ્રેશન ફી મેળવી કોલેજ કક્ષાએથી ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જે અંતર્ગત GCAS/GIPL તરફથી ઓફલાઈન/ઓનલાઈન ફોર્મ મુકવામાં આવશે અથવા GCAS/GIPL તરફથી ઓફલાઈન પ્રવેશ માટે જે સૂચના/માર્ગદર્શિકા આપવામાં આવે તે મુજબની અંતિમ તારીખ અથવા તા:૨૨/૦૭/૨૦૨૪ સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરી વિગતો / પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનો ડેટા GCAS/GIPLની સુચના અનુસાર અપલોડ કરવાનો રહેશે. રજીસ્ટ્રેશન ફી રૂ.300/- GCAS/GIPL તરફથી સૂચના મળે તે મુજબ તે ખાતામાં જમા કરાવવાની રહેશે.

વધુમાં, બી.એડ./એમ.એડ. તેમજ એલએલ.એમ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ચેરમેનશ્રી, પ્રવેશ સમિતિ ધ્વારા સૂચવવામાં આવે તે મુજબ પ્રવેશ કાર્યવાહી અનુસરવાની રહેશે જે માટે યુનિવર્સિટી વેબસાઈટમાં શિડયુલ મુકવામાં આવશે તે ધ્યાને લઇ બી.એડ./એમ.એડ. તેમજ એલએલ.એમ. અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

ડી. ડી. એમ. સાપડીયા
**કા.કુલસચિવ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૪૬/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ. તા.૧૫/૦૭/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓ/ચેરમેનશ્રી, બી.એડ./એમ.એડ. પ્રવેશ સમિતિ/ચેરમેનશ્રી, કાયદા વિદ્યાશાખા પ્રવેશ સમિતિ તરફ ....

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...